# ભજનઃ૧૯

## પૈસો કેવા પાપ કરાવે..

પૈસો કેવા પાપ કરાવે, માનવતા વીસરાવે છે...૨
પાપ તણા ડુંગર ખડકીને પુણ્ય બદ્યા પર ચડાવે છે..
પૈસો.......

પતન કરે છે કંઇક પરાયા, પ્રભુથી દુર કરાવે છે...૨
મદઘેલા કંઇ માનવીઓ, સીયળ કંઇક ચખાડે છે..
પૈસો.......

માનવ ખુદ શૈતાન બને છે, નૈતીકતા અભળાવે છે...૨
માતપીતા ભ્રાતા ભગનીના, પૈસો ખુન કરાવે છે..
પૈસો.......

વેરઝેરના વાવળવાવી, સગપણને સળગાવે છે...૨
બદનામીનો તાજ બનાવી, અંતે મોત બગાડે છે..
પૈસો.......

પૈસાને તો પ્રભુ ન ગણશો, સત્ય બધુ એ ચુકાવે છે..૨
સંતો ભક્તો ભલભલાને, પૈસો નાચ નચાવે છે..
પૈસો......

આપ કહે માલીક ન થાશો, પર ઉપકારે જે વાવે છે...૨
પૈસો બેડો પાર કરેને, જગને પગમાં જુકાવે છે..
પૈસો......